# ૬. અમે મૈયારાં

♦ ચાલો ગરબે રમીએ.



અમે મૈયારાં રે ગોકુળ ગામનાં,
મારે મહીં વેચવાને જાવાં ... મૈયારાં રે.
મથુરાની વાટ મહીં વેચવાને નીસરી,
નટખટ એ નંદકિશોર માગે છે દાણજી,
મારે દાણ લેવાં ને દેવાં ... મૈયારાં રે.
માવડી જશોદાજી, કાનજીને વારો,
દુઃખડાં દીએ હજાર નંદજીનો લાલો,
મારે દુઃખ સહેવાં ને કહેવાં ... મૈયારાં રે.
જમુનાને તીરે કાનો વાંસળી વગાડતો,
ભૂલાવે સાનભાન ઊંઘથી જગાડતો,
મારે સાથ જોવાને જાવું ... મૈયારાં રે.
નરસિંહનો નંદકિશોર લાડકડો કાનજી,
ઉતારે આરપાર ભવભવનો ભારજી,
નિર્મળ હૈડાંની વાત કહેવાં ... મૈયારાં રે.

9P6DYB

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) દહીં | – ...................... | ૨) રસ્તો | – ...................... |
| ૩) જકાત | – ...................... | ૪) માતા | – ...................... |
| ૫) કિનારો | – ...................... | ૬) સ્વચ્છ | – ...................... |

**સ. ૨ પ્રાસવાળા શબ્દો લખો.**

| | | | |
|---|---|---|---|
| ૧) લેવાં | – ...................... | ૨) આર | – ...................... |
| ૩) સાન | – ...................... | ૪) સહેવાં | – ...................... |

**સ. ૩ નમૂના પ્રમાણે લખો.** દા.ત. નટખટ

(છટ, ખટ, કટ, ઝટ, ચટ, રમ)

| | | |
|---|---|---|
| ૧) ......પટ | ૨) .........પટ | ૩) ......ઝટ |
| ૪) ......કટ | ૫) .........ઝટ | ૬) ......પટ |

**સ. ૪ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો.**

(હું, આપણે, તમે, મને, અમે)

૧) .................... મૈયારાં છીએ.

૨) .................... વિદ્યાર્થી છો.

૩) .................... રમવા જઈશું.

૪) .................... મારી માતૃભાષા ગમે છે.

૫) .................... પ્રાર્થના કરું છું.

**સ. ૫ સહસંબંધ ધરાવતો શબ્દ લખો.** દા.ત. દુઃખ – સુખ

૧) વેચવું – .................... ૨) લેવું – ....................

૩) જગાડવું – .................... ૪) ઉતારવું – ....................

**સ. ૬ ઉદાહરણ પ્રમાણે વાક્ય બદલીને લખો.**

ઉદા. : કેશુ સાત વર્ષનો હતો.

જવાબ : કેશુ સાત વર્ષનો છે.

૧) માતાપિતા નોકરી કરવા ગયા.

૨) બહાદુર બાળકનું અભિવાદન કરવામાં આવ્યું.

૩) વરસાદ વરસતો બંધ થયો.

૪) અર્જુન નિશાન બરાબર તાકી શક્યો.

♦ **સંભાષણ :** કૃષ્ણના બાળપણનો કોઈ પણ એક પ્રસંગ વર્ગમાં મોટેથી કહો.
અથવા
કૃષ્ણ-સુદામાની મૈત્રી વિશે જાણતા હો તે કહો.

**સ. ૭ કહો જોઈએ.**

૧) મૈયારાનું ગામ – ........................................

૨) દાણ માંગનાર – ........................................

૩) મૈયારાને દુઃખ આપનાર – ........................................

૪) કાનો વાંસળી વગાડે છે તે સ્થળ – ........................................

૫) ભવોભવનો ભાર ઉતારનાર – ........................................

**સ. ૮ કાવ્યની પંક્તિમાં ખૂટતો શબ્દ લખો.**

૧) મથુરાની વાટ .................. વેચવાને નીસરી.

૨) દુઃખડાં દીએ હજાર ............નો લાલો.

૩) જમુનાને તીરે કાનો ............ વગાડતો.

૪) ભૂલાવે સાનભાન ...............થી જગાડતો.

**સ. ૯ અર્થને આધારે કાવ્યપંક્તિ લખો.**

૧) કાનો જમુનાના તીરે વાંસળી વગાડે છે.

૨) નટખટ કાનો ગોપીઓ પાસે દાણ માગે છે.

૩) નંદજીનો લાલો નરસિંહ મહેતાનો લાડકો છે.

**સ. ૧૦ યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) મૈયારાં ........... ગામનાં છે.

(ક) ગોકુળ (ખ) મથુરા (ગ) વૃંદાવન

૨) નંદકિશોર ............ માંગે છે.

(ક) માખણ (ખ) દાણા (ગ) દાણ

૩) કાનો ............ને તીર વાંસળી વગાડે છે.

(ક) ગંગા (ખ) જમુના (ગ) સરસ્વતી

**સ. ૧૧ ગુજરાતનું લોકનૃત્ય રાસ-ગરબા છે.**
**તેવી રીતે નીચેનાં રાજ્યોનાં લોકનૃત્યોનાં નામ શોધીને લખો.**

૧) પંજાબ – ..............................................

૨) મહારાષ્ટ્ર – ..............................................

૩) રાજસ્થાન – ..............................................

૪) તામિલનાડુ – ..............................................

૫) મધ્યપ્રદેશ – ..............................................

૬) ઓરિસા – ..............................................



## પ્રકલ્પ

- કૃષ્ણની બાળલીલાના કોઈ પણ ચાર પ્રસંગોનાં ચિત્રો મેળવીને કાર્ડપેપર ઉપર ચોંટાડીને સરસ મજાનું ફોલ્ડર બનાવો.

## હું વાંચું ... તમે પણ વાંચો



કોઈ ગોતી દેજો રે, કોઈ ગોતી દેજો રે,
મારા કાનકુંવરિયાની ઝૂલણી,
હો મારા શ્યામ સુંદરિયાની ઝૂલણી.
સાવ રે સોના કેરી ઝૂલણી,
માંહી રૂપા કેરા ધાગા,
અવર લોકોને ઓપે નહિ મારા,
કાનકુંવરિયાના વાઘા રે ... મારા શ્યામ.
શેરીએ શેરીએ સાદ પડાવું ને,
ઘર ઘર મા'લું છું જોતી,
એ રે ઝૂલણીમાં કાંઈ નથી બીજું,
એને છેડે કળાયેલ મોતી રે ... મારા શ્યામ.
માતા જશોદા મહીં વલોવે ને
કાનો વળગ્યો કોટે,
એ રે ઝૂલણીને કારણિયે મારો,
લાડકવાયો લોટે રે ... મારા શ્યામ.

---

## અધ્યાપન સંકેત



આ કૃતિના અધ્યાપન માટે વિષયાભિમુખ કરવા. વિદ્યાર્થીઓને વર્ગમાં પ્રત્યક્ષ ગરબા રમાડવા. ત્યાર પછી પ્રશ્નો, કથન દ્વારા કૃતિનું અધ્યયન કરાવતાં કરાવતાં લોકનૃત્ય વિશેની માહિતી આપી ભારતનાં જુદાંજુદાં રાજ્યોનાં લોકનૃત્યોની માહિતીથી વાકેફ કરવા.

આ કૃતિના રચયિતા નરસિંહ મહેતા ગુજરાતી સાહિત્યના આદિકવિ છે. તેમનો અતિ સંક્ષિપ્ત પરિચય જરૂર આપવો. તેમના સમકાલીન કવિઓ વિશે પણ અછડતો ઉલ્લેખ કરવો. નરસિંહ મહેતાના 'જાગને જાદવા' પ્રભાતિયાનો ઉલ્લેખ પણ અવશ્ય કરવો.

**ઈશ્વર અત્ર - તત્ર સર્વત્ર વસે છે.**